# ગુજરાતના શહેરોની સ્થાપના

| ક્રમ | શહેરનું નામ | સ્થાપના વર્ષ | સ્થાપકનું નામ | વિશેષતા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૬/૨/ ૧૪૨૨ | સુલતાન અહેમદશાહ પ્રથમ | ⇨ અહેમદશાહે પોતાના નામ પરથી 'અહમદાબાદ' રાખ્યું. સમય જતાં તેઅપભ્રંશ થઈને 'અમદાવાદ' તરીકે ઓળખાવા લાગ્યું.<br>⇨ આ શહેર સાબરમતી નદીને કિનારે વસેલું છે. |
| ૨ | રાજકોટ | ઈ.સ. ૧૬૧૨ | વિભાજી અજોજી જાડેજા | ⇨ ઠાકોર સાહેબ વિભાજીએ પોતાના મિત્ર રાજુ સંધિની મૈત્રી જીવંત રાખવા માટે રાજકોટની સ્થાપના અને નામકરણ કરેલાં<br>⇨ આ શહેર આજી નદીના કિનારે વસેલું છે. |
| ૩ | જામનગર | ઈ.સ.૧૫૧૯ | જામ રાવળ | ⇨ જાડેજા વંશના ક્ષત્રિયોએ કચ્છના કિનારેથી નાનું રણ ઓળંગીને સેના સાથે આવી અહીંના જેઠવા, દેદા, ચાવડા અને વાઢેર શાખાના રાજપુતોને હરાવીને નવાનગર રાજ્યની સ્થાપના કરી હતી. |
| ૪ | પાટણ | ઈ.સ. ૭૪૬, ૨૮ માર્ચ | વનરાજ ચાવડા | ⇨ રાજા જયશિખરીનું કલ્યાણના રાજા ભુવડને હાથે યુદ્ધમાં મૃત્યુ થયા પછી બાળ વનરાજને મામા સુરપાળ અને તેની માતા રાણી રૂપસુંદરીએ ઉછેર્યો. વનરાજે પછી ટોળી જમાવીને રાજ્યની સ્થાપના કરી અનેઅણહિલપુર-પાટણ વસાવ્યું.<br>⇨ ગુજરાતના સામ્રાજ્યનો પાયો નાખનાર ગણાતા વનરાજ ચાવડા ના બાળમિત્ર અને સહાયક ભરવાડ અણહિલના નામ પરથી પડ્યું હોવાનું કહેવાય છે. |
| ૫ | ભાવનગર | ૧૭૨૩ | મહારાજા ભાવસિંહજી ગોહીલ | ⇨ વડવા ગામ પાસે દરિયાકિનારે સંવત ૧૭૭૯ની વૈશાખસુદ ત્રીજ- અખાત્રીજના રોજ સ્થાપના કરી હતી.<br>⇨ ભારતના ગણતંત્રમાં ભળ્યું તે પહેલા સુધી તે એક રજવાડું હતું.<br>⇨ ભાવનગર ખંભાતના અખાતની પશ્ચિમે આવેલ છે.<br>⇨ |

gnanbhandar

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | વડોદરા | ૧૭૬૧ | ગાયકવાડ | ⇨ વડોદરાનો પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ ઇસ ૮૧૨માં વટપદ્ર નામે થયેલો છે.વડોદરાનું નામ સંસ્કૃત 'વટસ્ય ઉદરે' ઉપરથી ઉતરી આવ્યું હોવાનું પણ માનવામાં આવે છે.<br>⇨ ઇ. સ. ૧૭૨૧માં પીલાજી ગાયકવાડ મુઘલ સામ્રાજ્ય સામેથી વડોદરા ઉપર કબજો મેળવી વડોદરાને મરાઠી શાસન હેઠળ લાવ્યા. મરાઠી પેશ્વાએ ગાયકવાડને વડોદરા ઉપર વહીવટ કરવાનો હક્ક આપ્યો<br>⇨ વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું છે.<br>⇨ ભારતની ‘ સંસ્કારી નગરી’ તરીકે પણ ઓળખાય છે. |
| ૭ | અંજાર | વિ.સં.૧૬૦૨ | કચ્છના મહારાવ ખેંગારજી પહેલા | ⇨ અજેપાળના નામ પરથી આ વિસ્તાનું નામ અંજાર પડ્યું તેમ કહેવાય છે.<br>⇨ અંજાર અનાજનું વેપાર કેન્દ્ર ગણાતું. અન્નની મોટી બજાર હતી. તેના પરથી 'અન્નબજાર' થયું અને કાળક્રમે તે અંજાર તરીકે ઓળખાવા લાગ્યું. |
| ૮ | હિંમતનગર | ઇ.સ. ૧૪૨૬ | સુલતાન અહમદશાહ પ્રથમ | ⇨ ઈડરના રાજાને અંકુશમાં રાખવા માટે સુલતાને આ નગરની સ્થાપના કરી હતી.<br>⇨ ઈ.સ.૧૯૧૨માં શહેરનું નામ ઇડરના મહારાજા સર પ્રતાપ સિંહ દ્વારા તેમના પુત્ર કુંવર હિંમત સિંહ પરથી હિંમતનગર રાખવામાં આવ્યું. |
| ૯ | વિસનગર | | રાજા વિશળદેવ વાઘેલા | ⇨ રંગભૂમિના નટ સમ્રાટ જયશંકર સુંદરી આ સંસ્કાર નગરીનું સંતાન. સહકારી કાર્યકર સાંકળચંદ પટેલની આ કર્મભૂમિ છે.<br>⇨ વિસનગરને ‘ રણની રાણી’ તરીકે ઓળખાય છે. |
| ૧૦ | ભૂજ | ઇ.સ. ૧૬૦૫ | રાવ ખેંગારજી પ્રથમ | ⇨ ભુજિયા ડુંગરની તળેટીમાં વસેલું ભુજ કચ્છનું સૌથી મોટું શહેર છે. પ્રાચીન કિલ્લાની વચ્ચે વસેલું જૂનું ભુજ ઐતિહાસીક મહત્વ ધરાવે છે. |
| ૧૧ | માંડવી (કચ્છ) | ઈ.સ.૧૫૮૦ | કચ્છ રજવાડાનાખેંગારજી | ⇨ માંડવી કચ્છી સંસ્કૃતિ પ્રતિનિધિ તરીકે જાણીતું શહેર છે. માંડવી તેની સ્વાદિષ્ટ ડબલ રોટી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પ્રથમ | (દાબેલી) માટે પ્રખ્યાત છે. |
| ૧૨ | સિદ્ધપુર | ઈ.સ.૧૦૯૪ | સિદ્ધરાજ જયસિંહ | ⇨ મહારાજા સિદ્ધરાજ જયસિંહે ઈ.સ.૧૦૯૪-૧૧૪૪માં રુદ્ર મહાલયનો પુનઃજીનોધ્ધાર કરાવી સિદ્ધપુર નગરનો નવા શહેરની સ્થાપના કરી |
| ૧૩ | વઢવાણ | ઈ.સ.૧૬૩૦ | | ⇨ આ શહેરનો જન્મ આશરે ૨૫૦૦ વર્ષ પહેલા ઋષીપંચમીના રોજ થયો હોવાથી આ દિવસ વઢવાણ દિવસ તરીકે ઉજવાય છે. |
| ૧૪ | મોરબી | ઈ.સ.૧૬૯૮ | કચ્છના જાડેજા ઠાકોર સાહેબ કોયાજી | ⇨ મોરબી નગર તા. ૧૧/૮/૧૯૭૯ના દિવસે ઉપરવાસમાં આવેલ મચ્છુ-૨ બંધના પાળા તુટવાને કારણે પૂરનો ભોગ બની ભારે તારાજ થયું હતું.<br>⇨ શહેરની તથા ઘરોની નમુનેદાર બાંધણીને કારણે "પેરિસ ઓફ ધ ઇસ્ટ" તરીકે ઓળખાતું હતું. |
| ૧૫ | અમરેલી | | રામજી વિરડિયા | ⇨ સન ૫૩૪માં અનુમાનજીના નામે આ જગ્યા ઓળખાતી હતી. ત્યાર બાદ અમલીક અને પછીઅમરાવતીનાં નામો પણ આ જગ્યા માટે વપરાતાં હતાં. અમરેલીનું પૌરાણીક સંસ્કૃતનામ અમરાવલી હતું.પછીથી ગાયકવાડી શાસન સમયમાં ગાયકવાડી સુબા વિઠ્ઠલરાવે આ ગામની આબાદી રામજીવિરડિયાને સોંપતા તેમણે આ ગામનું તોરણ બાંધી ગામ વસાવ્યું હોવાની નોંધ મળેછે. |
| ૧૬ | ભરૂચ | ઈ.સ.પૂર્વે 500 | ભૃગુઋષિ | ⇨ ભૃગુઋષિએ નર્મદા નદીના કિનારા પર કૂર્મ (કાચબા)ની પીઠ પર નંદન સંવત્સરમાં મહા સુદ પાંચમને દિવસે વસાવ્યું હતું.<br>⇨ આજે પણ ભૃગુઋષિનો આશ્રમ નર્મદા કિનારે આવેલો છે. |
| ૧૭ | જૂનાગઢ | ૧૭૩૦ | મોહમ્મદ બહાદરખાનજી (પ્રથમ શાસક) | ⇨ જૂનાગઢનું ભારતમાં ૧૯૪૮માં વિલીનીકરણ થયું હતું. |

gnanbhandar

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | નાંદોદ | ૧૨૦૦ | શ્રી નંદરાય | ⇨ નાદોદ(નંદપુર)ના સ્થાપક વિક્રમ વંશના શ્રી નંદરાયને કરી હતી.<br>⇨ વિજપાલજીએ નંદપુરનું નામ બદલીને નાંદોદ રાખ્યું હતું. |
| ૨૦ | સુરેન્દ્રનગર | ઇ.સ. ૧૯૪૬ | રાજા સુરેન્દ્રસિંહજી | ⇨ સુરેન્દ્રનગર જિલ્લોનું વઢવાણ સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર ગણવામાં આવે છે.<br>⇨ ભોગાવો નદીને કિનારે આવેલું છે. |
| ૨૧ | ધોળકા | | વાઘેલા લવણપ્રસાદ | ⇨ |
| ૨૨ | ચાંપાનેર | ઇ.સ. ૭૪૮ | વનરાજ ચાવડા | ⇨ |
| ૨૩ | પાળિયાદ | ૧૩મી સદી | સેજકજી ગોહિલના પરિવારજનો | ⇨ |
| ૨૪ | આણંદ | નવમી સદી | આનંદગીર ગોસાઇ | ⇨ |
| ૨૫ | મહેમદાવાદ | ઇ.સ. ૧૪૭૯ | મહમદ બેગડો | ⇨ |
| ૨૬ | પાલીતાણા | ઇ.સ. ૧૧૯૪ | સિધ્ધયોગી નાગર્જુન | ⇨ શેત્રુજયપર્વત પર આવેલું પાલીતાણા જૈનોનું શાશ્વત તીર્થ છે જ્યાં ભગવાન આદિનાથ બિરાજમાન છે.<br>⇨ જૈન આચાર્યશ્રી પાદલિપ્તસૂરીના શિષ્ય નાગર્જુને વિમલાની તળેટીમાં ગુરૂના નામથી પાદલિપ્તપૂરની સ્થાપના કરી હતી. નામ ઉપરથી વસેલું શહેર છે.<br>⇨ પાલિતાણા મંદિરોની નગરી તરીકે પણ ઓળખાય છે. લગભગ ૧૬૧૬ આરસના દેરાસરો આવેલા છે. |
| ૨૭ | સંતરામપુર ( બ્રહ્મપૂરી ) | ઇ.સ.૧૨૫૬ | રાજા સંત પરમાર | ⇨ |
| ૨૮ | મહેસાણા | | મેસાજી ચાવડા | ⇨ |
| ૨૯ | વાંકાનેર | | ઝાલા સરતાનજી | ⇨ |
| ૩૦ | લખતર | | લખધરસિંહજી | ⇨ |
| ૩૧ | પાલનપુર | ઇ.સ. ૧૯મી સદી | પરમાર વંશના પ્રહલાદ દેવ | ⇨ |
| ૩૨ | છોટાઉદેપુર | ઇ.સ.૧૭૪૩ | રાવળ વંશના | ⇨ |

gnanbhandar.com

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદયજી | |
| ૩૩ | ધરમપુર | ઇ.સ.૧૭૬૪ | રાજા ધર્મદેવજી | ⇨ |
| ૩૫ | સૂત્રાપાડા | | સૂત્રાજી | ⇨ |
| ૩૬<br>૩૭ | રાણપુર | | સેજકજીના પુત્ર રાણોજી | ⇨ |
| ૩૮ | સાંતલપુર | | ઝાલા વંશના સાંતલજી | ⇨ |
| ૩૯ | વાંસદા | ૧૩મી સદી | ચાલુક્ય વંશના વાસુદેવસિંહ | ⇨ |
| ૪૦ | આણંદ | | આનંદ ગોસાઇ | ⇨ |

gnanbhandar.com